# માઝુમ ડેમમાંથી પાણી છોડતા માઝુમ નદી ગાંડીતુર

## માઝુમ ડેમમાંથી ૨૦૦૦ ક્યુસેક પાણી છોડાયું : ખડોદા કોઝવે પર પાણી ફરી વળતા ૧૦ ગામનો સંપર્ક તૂટ્યો

મોડાસા, તા. ૧૬

મોડાસા પંથકમાં અને ઉપરવાસમાં મેઘરાજા મહેરબાન થતા માઝુમ ડેમ ભરાઈ જતા અગાઉ એક દરવાજો ખોલી પાણી છોડવામાં આવ્યું હતું. રવિવારે માઝુમ ડેમમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થતા રૂલ લેવલ જાળવી રાખવા બે દરવાજા ખોલી ૨૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા માઝુમ નદીમાં પાણીનો પ્રવાહ વધી જતા ગાંડીતુર બની હતી ખડોદા ગામ નજીક આવેલા કોઝવે પર પાણી ફરી વળતા





૧૦થી વધુ ગામોનો સંપર્ક તૂટતાં પ્રજાજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

માઝુમ ડેમની સપાટી ૧૫૬.૯૫ મીટર પહોંચતા રૂલ લેવલ સપાટી જાળવવા ડેમ માંથી પાણી છોડતા ખડોદા નજીક કોઝવે પરથી ૩ ફૂટ પાણી ફરી વળતા ૧૦થી વધુ ગામોનો સંપર્ક વિહોણા બનતા પ્રજાજનોએ જીવન જોખમે કોઝવે પરથી પસાર થવા મજબુર બનવું પડ્યું હતું વિદ્યાર્થીઓ અને બીમાર દર્દીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## ડીસાના આસેડા ખાતે તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયું



ડીસા

બનાસકાંઠાના ડીસા તાલુકાના આસેડા ગામની પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનું વિજ્ઞાન ગણિત પ્રદર્શન યોજાયું હતું. આ કાર્યક્રમમા વિધાર્થીઓ દ્વારા ૧૯૦ કૃતિઓ રજુ કરાઈ હતી. વિધાર્થીઓએ બસ , કેરિયર તથા લિફ્ટ જેવી કૃતિઓ રજૂ કરી હતી. કાર્યકામના અધ્યક્ષસ્થાને ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાન ધારાસભ્ય શશીકાંત પંડ્યા, કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, જીતુભાઈ પંચાલ, રાયકરણજી ઠાકોર, સરપંચ મથુરજી ઠાકોર, શિક્ષકો, સીઆરસીઓ તેમજ સરપંચો ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત મહાનુભાવોને ફેટો પહેરાવી સન્માનિત કરાયા હતા.

## પ્રાંતિજના પીલુદામાં ઠપકો આપવા ગયેલ ખેડૂત પરિવાર ઉપર હુમલો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પીલુદા ખાતે ખેડુતને ઠપકો આપવા ગયેલ ખેડૂત પરિવાર ઉપર હુમલો કરી પિતા-પુત્રીને લાકડીનો માર મારી બન્ને ફેક્ચર પુત્રને ગડદાપાટાનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પીલુદા ગામે રહેતા ખેડૂત પ્રવિણકુમાર રમણલાલ જોષી ઉ.વર્ષ-૫૯ ધંધો ખેતી કે જેવોના ખેતરમાં તા.૧૨-૯-૨૦૧૯ના રોજ ૧ કલાકે ભગાભાઈ સોમાભાઈ રબારીનો દિકરો કે જે ફરીયાદી પ્રવિણકુમારના ગવાર વાવેલ ખેતરોમાંથી પોતાના પશુઓ લઈને નિકળ્યો હતો અને ખેતરોમાં રહેલ ગવારના પાકને નુકશાન થતાં જે બાબતે ફરીયાદી પ્રવિણકુમાર તેમની પુત્રી-પુત્ર સાથે ભગાભાઈ સોમાભાઈ રબારીના પુત્રને ઠપકો આપતા આરોપી એકદમ ગુસ્સે થઈ ઉશ્કેરાઈ જઈને ફરીયાદીને ગાળો બોલી પોતાના હાથમાં રહેલ લાકડીથી ફરીયાદી પ્રવિણકુમારને જમણા હાથ ઉપર પંજાની છેલ્લી આંગળીઓ ઉપર તથા ફરીયાદીની દિકરી દામિનીબેનને ડાબા હાથના કાંડાના ભાગે માર મારી પિતા-પુત્રીને ઈજાઓ કરી બન્નેને ફેક્ચર કરી ફરીયાદીના દિકરો ભાવિનકુમારને ગરદાપાટાનો માર મારી ફરીયાદી તથા ફરીયાદી તથા તેના પુત્રને જાણથી મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજીસ્ટ્રેટે જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરતાં પ્રાંતિજ પોલીસે ફરીયાદી પ્રવિણકુમાર રમણલાલ જોષીની ફરિયાદના આધારે ૧૫-૯-૨૦૧૯ના રોજ ગુનો નોધી આઈપીસી કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬, (૨) ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.



### સૈન્ય જવાન ને લાખ લાખ સલામ

નિવૃત આર્મી જવાન ની પુલવામા મા શહીદ થયેલા જવાનોની આત્માને શાંતિ મળે તે માટે ૧૩૦ કિલોમીટર સુધી ખુલ્લા પગે ચાલી હાથમા તિરંગો લઈ અંબાજી નજીક ગબ્બર પર્વત પર ચાલી માનતા માની. ધરતી સુનહરી અંબર નીલા યે મોસમ રંગીલા ઐસા દેશ હે મેરા, હર કરમ અપના કરેંગે એ વતન તેરે લિયે દિલ દિયા હે જાન ભી દેંગે એ વતન તેરે લિયે આવા દેશ ભક્તિ ગીતો આપણે ફિલ્મોમા જોયા હશે અને સાંભળ્યા હશે પણ આવો જ રિયલ કિસ્સો આપણે અંબાજી ખાતે આવેલા એક ભક્તમા જોવા મળ્યો.

તો બીજી તરફ અંબાજી ધામ તરફ જાની પ્રવીણકુમાર જયંતીલાલ, નિવૃત્ત આર્મી જવાન છેક મહેસાણા જિલ્લાના એક જોરનગ નાનકડા ગામથી ખુલ્લા પગે હાથમા તિરંગો લહેરાવી પુલવામામા શહીદ થયેલા જવાનોની આત્માને શાંતિ મળે તે માટે ચાર પાંચ દિવસ બાદ અંબાજી ખાતે આવે છે અને ત્યારબાદ આ નિવૃત્ત આર્મી જવાન ખુલ્લા પગે હાથમા તિરંગો લહેરાવી ગબ્બર પર્વતના ૧૦૦૦ પગથિયા ચઢીને માતાજીના દર્શન કરે છે તેની પાછળનો તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના જવાનોની હિત નો હતો, આમ આ બધા વચ્ચે આ નિવૃત્ત આર્મી જવાન અંબાજી મંદિર અને ગબ્બર ખાતે માતાજીના દર્શન કરી પરત ફર્યા હતા. આ આર્મી જવાન પુલવામામા શહીદ થયેલા તમામ જવાનોની આત્માને શાંતિ મળે તે માટે યાત્રા કરવા આવ્યા હતા. તેમને મહેસાણાથી અંબાજી સુધી કોઈજ સેવાકીય કેમ્પનો લાભ લીધો નથી.

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનો બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો વિરોધ

બાયડ, તા. ૧૬

૨૦૧૭ વિધાનસભામાં સ્થાનિક કોંગ્રેસના કાર્યકરોનો વિરોધ છતાં અલ્પેશ ઠાકોરના સાથી હોવાથી કોંગ્રેસ પક્ષે ધવલસિંહ ઝાલાને ટિકિટ ફાળવી હતી જેમાં ધવલસિંહ ઝાલાનો ભવ્ય વિજય થયો હતો. રાજ્યસભામાં ક્રોસ વોટિંગ કરી કોંગ્રેસમાંથી રાજીનામુ ધરી દેનાર ધવલસિંહ ઝાલાએ કેસરિયો ધારણ કરતા બાયડ વિધાનસભાની પેટા ચૂંટણી ઓક્ટોમ્બર મહિનામાં સંભવિત ચૂંટણી યોજાશે જેમાં ભાજપના ઉમેદવાર તરીકે ધવલસિંહ ઝાલા નિશ્ચિત ઉમેદવાર હોય તેમ પ્રચાર-પ્રસારનો પણ પ્રારંભ કરી દીધો છે, ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ ધવલસિંહ ઝાલાનો બાયડના ઉમેદવાર તરીકે વિરોધ નોંધાવી સ્થાનિક ઉમેદવાર અદેસિંહ ચૌહાણને ટિકિટ આપવાની માંગ સાથે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને પત્ર લખતા સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

બાયડ તાલુકા જીકેટીએસ પ્રમુખ ખાંટ મુકેશભાઈની સહી સાથે સોશ્યલ મીડિયામાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીને ઉલ્લેખીને વાઈરલ થયેલા પત્રમાં જણાવ્યું છે કે ૨૦૧૭માં કોંગ્રેસના ઉમેદવાર ધવલસિંહ ઝાલાને મદદ કરી હતી પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ અને પ્રજાને મળી શકતા ન હોવાથી તે સમયથી ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો ઠાકોર સેનાએ છેડો ફાડ્યો હતો અને હવે તેઓ ભાજપમાં જોડાઈ ગયા છે અને ઠાકોર સેના તેમની સાથે નથી તેમ છતાં ભાજપ પક્ષને ઠાકોર સેના તેમની સાથે છે તેવું કહી ભાજપને ગેરમાર્ગે દોરે છે. બાયડ વિધાનસભામાં ભાજપે વિજય મેળવવો હોય તો સતત લોકોના સંપર્કમાં રહેતા અદેસિંહ ચૌહાણને ટિકિટ આપવા પણ માંગ કરી છે.



### શામળાજી-ગોધરા સ્ટેટ હાઈવે ખાડામાં ફેરવાતા વાહનચાલકોમાં આક્રોશ

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ -૨૭ પર માલપુર નગરમાંથી પસાર થતા હાઈવે પર મસમોટા ખાડાઓ પડી જતા માલપુરના પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. માલપુર નગરના નાના-મોટા વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. રોડ પર પડેલા ખાડાઓના લીધે અકસ્માતનો ભોગ બનતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. શામળાજીથી માલપુર-ગોધરા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં ન આવતા ડિસ્કો રોડથી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. ભારે વરસાદથી શામળાજીથી માલપુર-ગોધરા સુધીનો સ્ટેટ હાઈવે અનેક જગ્યાએ ધોવાઈ ગયો છે. જેને લઈ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઈ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે. સોશ્યલ મીડિયામાં સ્ટેટ હાઈવે રીપેર કરાવો તો જ ટેક્સ આપવામાં આવશે તેમ કહી ટેક્સ ન ભરીને વાહનચાલકો પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સ્ટેટ હાઈવે તંત્ર સમગ્ર મામલે ટોલ કોન્ટ્રાકટર ઉપર બધું ઢોળી રહી છે.

## છેલ્લા ૫૫ વર્ષથી ચુંદડીવાળા માતાજી ભાદરવી પૂનમના રોજ રાત્રે ચાલતા પગપાળા ગબ્બર જઈ મા અંબાની આરતી કરે છે

અંબાજી, તા. ૧૬

શક્તિ ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનનું લોકપ્રિય શક્તિપીઠ અરાવલીના પહાડો પર વસેલું છે. આ ધામમાં ૮ થી ૧૪ ભાદરવી મહાકુંભ પૂર્ણ થયા બાદ આખું અંબાજી ભક્તિમય બન્યું હતું અને સાત દિવસ ચાલનારા આ મહામેળામાં આખા ગુજરાતમાથી ૨૦ લાખ જેટલા ભક્તો અંબાજી માતાજીના દર્શન કરવા આવ્યા હતા.

બીજી તરફ ભાદરવી મહા મેળા દરમિયાન અંબાજી પાસે આવેલા ગબ્બર પર્વતની વચ્ચે વસતા ચુંદડીવાળા માતાજીનો ભવ્ય આશ્રમ આવેલો છે. આ માતાજીના આશીર્વાદ લેવા ભક્તો દૂરદૂરથી આવે છે. અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કર્યા બાદ ભક્તો ચુંદડીવાળા માતાજીના દર્શન કરવા આવે છે, ત્યારે દર વર્ષની જેમ ભાદરવી પૂનમના રોજ રાત્રે ચુંદડીવાળા માતાજી પોતાના આશ્રમથી ચાલતા પગપાળા આવી ગબ્બર ચાલતા જવાના રસ્તાથી પોતાના સેવકો સાથે બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગબ્બર પર્વતની પરિક્રમા કરી ઉપર ગબ્બર પર્વતની ટોચ ઉપર આવેલા મંદિર ઉપર આવી ચુંદડીવાળા માતાજી મા અંબાની આરતી કરી પરત પોતાના આશ્રમ પર જાય છે.



માતાજી ૧૦૦૦ પગથિયાં માત્ર ૧૫ મિનિટમા પુરા કરે છે અને તેમને થાક પણ લાગતો નથી. માતાજી છેલ્લા કેટલાય વર્ષોથી સવારે વહેલા ઊઠી યોગ કરે છે ચુંદડીવાળા માતાજી વર્ષમા માત્ર એક જ વાર ચાલતા પગપાળા ગબ્બર પર્વતની પરિક્રમા કરે છે. માતાજી ગબ્બર ચાલતા જાય ત્યારે તેવો નવ દુર્ગા મંદિરમાં થોડીવાર બેસી પોતાના સાથી મિત્ર બડે બાપુની ખબરઅંતર જરૂર પૂછે છે.





અંબાજી ભાદરવી મહાકુંભ પૂર્ણ થયા બાદ અંબાજી ધામમાં સફાઈ અભિયાન આરંભાયું - ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી ધામમાં સાત દિવસનો ભાદરવી મહા કુંભ પૂર્ણ થયેલ છે, ત્યારે આ ધામને સ્વચ્છ બનાવવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને એબીવીપીના સહયોગથી અંબાજી ખાતે સફાઈ અભિયાન શરૂ કરાયું હતું. જેમાં અંબાજીના સફાઈ કર્મચારીઓ, ઓલ સર્વિસ ગ્લોબલના કર્મચારીઓ અને અંબાજી બહારથી આવેલા એબીવીપીના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ જોડાયા હતા. અંબાજીની જુની કોલેજ ખાતે મળેલી મિટિંગમાં મંદિરના અધિકારીઓ અને કર્મચારીઓની અધ્યક્ષતામાં શરૂ થઈ હતી અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરાવી અંબાજી ધામમા સફાઈ અભિયાન શરૂ કરાયું હતું. ત્રણ ટીમ દ્વારા આજે અંબાજીના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન શરૂ થયું હતું. હાથમાં ઝાડુ લઈને વિદ્યાર્થીઓ અંબાજીના વિવિધ વિસ્તારો ખૂંદી વળ્યા હતા. ટીમ ત્રણ છે અંબાજી ખાતે જેમાં ઓલ સર્વિસ ગ્લોબલ, ભાલચંદ્ર અને રતન કલ્યાણ ટીમના સફાઈ કામદારો અભિયાનમાં જોડાયા હતા. ત્યારબાદ તમામ લોકોને જમવા માટે અંબિકા ભોજનાલયમાં વ્યસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વહીવટદાર એસ. જે. ચાવડા, પ્રાંત અધિકારી કુસુમબેન પ્રજાપતિ, એસ્ટેટ ઓફિસર અરૂણદાન ગઢવી, બાંધકામ શાખાના જી.એલ. પટેલ, આર.કે. મેવાડા, ધવલ જોષી, સંયોજક, એબીવીપી બનાસકાંઠા અને વિવિધ વિસ્તારોમાથી આવેલા એબીવીપી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## બાયડના ગાબટ-સાઠંબા રોડ પર પડેલ ખાડાઓ પર વૃક્ષારોપણ કરી જાગૃત નાગરિકે વિરોધ નોંધાવ્યો

બાયડ, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે સહીત સ્ટેટ હાઈવે ખાડા માર્ગમાં પરિવર્તિત થયા છે. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને જોડાતા રોડ ચિથરેહાલ બનતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. બાયડ તાલુકાના ગાબટ-સાઠંબા રોડ પર મસમોટા ખાડાઓ પડતા અને કોન્ટ્રાક્ટર દ્વારા જીલ્લામાં બનાવતા રોડનું એક જ વર્ષનું આયુષ્ય હોવાનું આક્રોશપૂર્વક જણાવી એક જાગૃત નાગરિકે રોડ પર પડેલા ખાડાઓમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની ગ્રાન્ટમાંથી નિર્માણ થતા રોડના કામોમાં અને રોડ રિસર્ફેશની કામગીરીમાં કોન્ટ્રાકટરો તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને



નેતાઓ સાથે મીલીભગત કરી ભારે ભ્રષ્ટાચાર આદરી રોડના કામમાં લોટ, લાકડું અને પાણી વપરાતા રોડ બનાવ્યાના થોડાક જ મહિનાઓમાં રોડ તૂટી જવાની ઘટનાઓ બની રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

બાયડ તાલુકાના ગાબટ-સાઠંબા રોડ પર ઠેર ઠેર ખાડાઓના સામ્રાજ્યથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સતત વરસતા વરસાદથી રોડની સપાટી ઠેર ઠેર તૂટી જતા મેટલ, કપચી, ગ્રીટ સહિતનો માલસામાન વેર વિખેર થઈ જવા સાથે ડામોર પણ અનેક જગ્યાએ ગાયબ જોવા મળતા સ્થાનિક જાગૃત નાગરિકે રોડની હલકી કક્ષાની કામગીરી અને રોડ પર પડેલા ખાડાઓનું સમારકામ નહિ કરવામાં આવતા રોડ પર પડેલા ખાડાઓમાં એક વર્ષનું આયુષ્ય ધરાવતા છોડ રોપી વૃક્ષારોપણ કરી વિરોધ નોંધાવ્યો હતો. રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં પણ રોડ પર પડેલા ખાડાઓમાં વૃક્ષારોપણથી કુતુહલ સર્જાયું હતું.

# ગુજરાત સરકારે ટ્રાફિક નિયમનમાં કરેલ સુધારો લટકતા ગાજર જેવો

સમગ્ર દેશમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ આકરા દંડની જોગવાઈ સાથેના નવા મોટર વ્હિકલ એક્ટનો આજથી અમલ થઈ રહ્યો છે. જેના કારણે ગુજરાતના અલગ અલગ જિલ્લાઓ સહિત અનેક જગ્યાએ નવા ટ્રાફિકના નિયમને લઈને હોબાળાની સાથે વિરોધ, ગુસ્સો અને નારાજગી જોવા મળી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકારે થોપેલ કાળા કાયદા સમાન સુધારેલ ટ્રાફિક એક્ટ અંગે વિરોધ નોંધાવી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ગુજરાત સરકારે ટ્રાફિક નિયમનમાં કરેલ સામાન્ય સુધારાને લટકતું ગાજર ગણાવી ૨ ઓક્ટોમ્બરથી સહકાર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. અરવલ્લી જીલ્લા આમ આદમીના પ્રમુખ યોગેશ પારકર અને ઉપપ્રમુખ ઉસ્માન લાલાએ જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે અત્યારે મોંઘવારી બેકારી અને મંદીના કપરા સમયમાં જનતા પાયમાલીનો ભોગ બની છે ત્યારે કેન્દ્ર સરકારે થોપેલ સુધારેલ ટ્રાફિક નિયમન એક્ટને આમ આદમી પાર્ટી પ્રજા પર લાદવામાં આવેલ કાળા કાયદા સમાન ગણી તેનો વિરોધ કરી ટ્રાફિક નિયમન સુધારા કાયદાને તાત્કાલિક પરત લેવાની માંગ કેન્દ્ર સરકારને જણાવ્યું હતું, તદઉપરાંત ટ્રાફિક સુધારણા એક્ટ સંદર્ભે પ્રજાનો રોષ અને વિરોધથી ગભરાઈ ગુજરાત સરકારે એક્ટમાં મામૂલી સુધારો કરતા રાજ્ય સરકારના સુધારાને લટકતા ગાજર સાથે સરખામણી કરી હતી.

આમ આદમીના હોદ્દેદારો અને કાર્યકરોએ કેન્દ્ર સરકાર ૧ ઓક્ટોમ્બર-૨૦૧૯ સુધીમાં ટ્રાફિકના સુધારેલા એક્ટના નામે બનાવેલ કાળો કાયદો પરત લઈ અગાઉના જુના કાયદાની અમલવારી કરવાની જાહેરાત નહિ કરે તો આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં અસહકાર આંદોલન કરશે અને રાજ્યમાં દરેક જીલ્લા તાલુકામાં કાળા કાયદાના વિરોધમાં જોડાવાનું આહવાન કરશે અને વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમો આપવાની ચીમકી ઉચ્ચારી હતી.